# GUJARAT BILL NO. 35 OF 2019.

## THE GUJARAT ELECTRICITY DUTY (SECOND AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Gujarat Electricity Duty Act, 1958.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩૫ .**

**ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૯.**

***ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.***

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૫૮નો મુંબઇનો ૪૦મો.**

**૨.** ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮માં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૫-ક)માં, “આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા” એ શબ્દો પછી, “અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ,” એ શબ્દો દાખલ કરવા. **સન ૧૯૫૮ના મુંબઇના ૪૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો વિદ્યમાન ખંડ (૫-ક), રાજ્ય સરકાર દ્વારા, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય સ્રોત દ્વારા વીજળીશકિત (ઉર્જા) ઉત્પન્ન કરવામાં આવેલી હોય ત્યારે, વાપરવામાં આવેલ વીજળીશકિત (ઉર્જા)ના યુનિટો પર વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ આપવા માટેની જોગવાઈ કરે છે. રાજ્ય સરકારે, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તારીખ: ૨૨-મી મે, ૨૦૧૬-ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચયુ/ ૨૦૧૬/(૩૧)/ઇએલડી/ ૧૨-૨૦૧૫/-૩૨૦૮/ઇ-થી, સૌર-શક્તિ, પવન શક્તિ, બાયોમાસ શક્તિ, ટાઈડલ, તરંગ, જિઓ-થર્મલ, (૨૫ એમવી સુધીની ક્ષમતાવાળા) નાના હાઇડ્રો પ્લાન્ટ અને વેસ્ટ(કચરા)માંથી વીજળીશક્તિ જેવી આઠ વીજળીશકિત (ઉર્જા) નિર્દિષ્ટ કરી છે. હવે, તેની એકંદર ઇન્સ્ટોલ કરવાની (સ્થાપન) ક્ષમતાના આધારે, આવી વીજળીશક્તિને વપરાશમાં લેતો વર્ગ તેમજ વપરાશના પ્રકારને આધારે વીજળીશકિત (ઉર્જા)ના આવા વધુ પુનઃપ્રાપ્ય સ્રોતને મુક્તિ આપવામાં વધુ પરિવર્તનક્ષમ થવા માટે, જેને અધીન રહીને આવી વીજળીશક્તિ (ઉર્જા)ને બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય વીજળીશક્તિ (ઉર્જા) તરીકે ગણવી જોઇશે અને આવી વીજળીશક્તિ (ઉર્જા)ના વાપરવામાં આવેલ યુનિટો પર વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ આપવી જોઇશે તેવી બોલીઓ અને શરતો, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવાની વધુ સત્તા રાજ્ય સરકારને આપવા માટે, કલમ ૩ની પેટા-કલમ ૨-નો સદરહુ ખંડ (૫-ક) સુધારવાનું જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૨-થી તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**સૌરભ પટેલ,**

## **ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરે છેઃ-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના વિદ્યમાન ખંડ (૫-ક)થી, રાજ્ય સરકારને, કઈ વીજળીશક્તિ (ઉર્જા)ને બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય વીજળીશક્તિ (ઉર્જા) તરીકે ગણવી તે બાબત, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે. જેને અધીન રહીને આવી વીજળીશક્તિ (ઉર્જા)ને બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય વીજળીશક્તિ (ઉર્જા) તરીકે ગણવી જોઇશે તેવી બોલીઓ અને શરતો જાહેરનામામાં નિર્દિષ્ટ કરવાની રાજ્ય સરકારને વધુ સત્તા આપવા માટે, આ કલમથી, સદરહુ કલમ સુધારવા ધાર્યું છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૪થી ડિસેમ્બર, ૨૦૧૯. **સૌરભ પટેલ.**

## પુરવણી

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૪૦મા)માંથી ઉતારા.

.......................................................................................................

**વાપરેલી શકિતના યુનિટો પર શુલ્ક.**

૩. (૧) ××× ××× ×××

(૨) નીચેના દ્વારા વાપરવામાં આવેલ વીજળી શકિતના યુનિટો પર વિદ્યુત શુલ્ક લેવા પાત્ર થશે નહિ.

(૧) થી (૫) ××× ××× ×××

(૫-ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા કોઇ બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય સ્રોત દ્વારા વીજળીશક્તિ ઉત્પન્ન કરે તે પ્રસંગે;

(૬) થી (૮) ××× ××× ×××

(૨કક) થી (૩) ××× ××× ×××

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૫.]

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રીસૌરભ પટેલ,
ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના ડિસેમ્બર મહિનાની ૫મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT ELECTRICITY DUTY (SECOND AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 35 OF 2019.**

*A BILL*

*further to amend the Gujarat Electricity Duty Act, 1958.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Electricity Duty (Second Amendment) Act, 2019.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 3 of Bom. XL of 1958.**

**2.** In the Gujarat Electricity Duty Act, 1958, in section 3, in sub-section (2), in clause (v-a), the words "and on such terms and conditions as may be specified therein" shall be added at the end. **Bom. XL of 1958.**

## STATEMENT OF OBJECTS AND REASONS

Existing clause (v-a) of sub-section (2) of section 3 of the Gujarat Electricity Duty Act, 1958 provides for exemption from levy of electricity duty on units of energy consumed if such energy is generated by any non-conventional or renewable source of energy as may be specified by the state government by notification in the *Official Gazette*. The State Government has, vide Government Notification, Energy and Petrochemicals Department, No. GHU/ 2016/-(31)-/-ELD/ 12-2015/–3208/E, dated the 22nd May, 2016, specified such eight energy viz. solar, wind, biomass, tidal, wave, geo-thermal, small hydro plant (capacity upto 25 MW) and energy from waste. Now, in order to have more flexibility in granting exemption to such renewable sources of energy depending upon their aggregate installed capacity, class of the consumers of such energy as well as the nature of consumption, it is considered necessary to amend said clause (v-a) of sub-section (2) of section 3 further to empower the State Government to specify the terms and conditions in the said notification, subject to which such energy would be considered as non-conventional or renewable energy and the units of such energy consumed would be exempted from levy of Electricity Duty. *Clause 2* of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**SAURABH PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:--

***Clause 1.—*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date

on which the Act shall come into force.

***Clause 2.-*** Existing *clause* (v-a) of sub-section (2) of section 3 of the Act empowers the State Government to specify, by notification in the *Official Gazette*, as to which energy would be considered as non-conventional or renewable energy. The said clause is now proposed to be amended by this clause further to empower the State Government to specify the terms and conditions in the said notification, subject to which the energy would be considered as non-conventional or renewable energy.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 4th December, 2019. **SAURABH PATEL.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT ELECTRICITY DUTY ACT, 1958.

**(Bom. XL of 1958)**

**Duty on units of energy consumed.**

**3.** (1) XXX XXX XXX

(2) Electricity duty shall not be leviable on the units of energy consumed,-

(i) to (v) XXX XXX XXX

(v-a) where the energy is generated by any non-conventional or renewable source of energy as the State Government may, by notification in the *Official Gazette*, specify in this behalf;

(vi) to (viii) XXX XXX XXX

(2AA) to (3) XXX XXX XXX

GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 35 OF 2019.**

*A BILL*

*further to amend the Gujarat Electricity Duty Act, 1958.*

**[ SHRI SAURABH PATEL,**
**MINISTER FOR ENERGY ]**

(As published in the Gujarat Government Gazette of the 5th December, 2019)

D.M.PATEL,
Secretary,
Gujarat Legislative Assembly.